ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૩/૧૯–૨૦/ ૪૪૪ તારીખ : 6 JUN 20

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૩૩/૧૯–૨૦

પ્રતિ,
**લલીતાબેન જગદીશભાઈ પટેલ,**
ઠે.ખોડુ રોડ, સમસાની બાજુમાં,
વડવાળા મંદિર ની બાજુમાં,
મુ.પો. દુધરેજ, તા.વઢવાણ,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૫૭૪૦ ૭૫૭૪૨.**

**વિષય : સપ્લીમેન્ટરી વિજ બિલ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૧/૦૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૩/૧૯–૨૦/૭૭૪ તા.૧૪/૦૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૩/૧૯–૨૦/૧૧૦૯ તા.૦૫/૦૩/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા૧૮/૦૩/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટાવિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર ગ્રામ્ય.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૩૩/૧૯–૨૦</u>** ☜

વાદી :– લલીતાબેન જગદીશભાઈ પટેલ,

◈ **વિરુધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– તા૧૮/૦૩/૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી રાજેશભાઈ હસનઅલી ચમાડીયા – (વાદીનાં ભાડુત)

પ્રતિવાદી :– શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, ગામ્ય વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

લલીતાબેન જગદીશભાઈ પટેલ, મું.દુધરેજ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની સપ્લીમેન્ટરી વિજ બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૩/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩૩/૧૯–૨૦/૭૭૪ તા.૧૪/૦૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૮/૦૩/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના ભાડુત શ્રી રાજેશભાઈ હસનઅલી ચમાડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.ઝાલા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ લલીતાબેન જગદીશભાઈ પટેલ પેટા વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર શહેર– ૧ નો ગ્રાહક છે. જે ઔધોગીક વિજ કનેકશન ધરાવે છે. અને તેનો વિજ ભાર સપ્ટેમ્બર–૧૮ ૩૫.૦૦ કિ.વો. હતો અને માર્ચ–૨૦૧૯ થી ૫૦ કિ.વો. નો વધારો કરેલ છે. (NRGP To LTMD) જેન ગ્રાહક નં.૨૫૧૩૫/૦૦૯૬૭/૧ છે.

૧.૨ લલીતાબેન જગદીશભાઈ પટેલને રેગ્યુલર બિલ મળે છે અને તે મુજબ બિલ ની ભરપાઈ કરવામાં આવે છે. આમ છતાં, પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૧૫૮ તા.૧૮/૦૧/૨૦૨૦ થી રૂ. [illegible] સપ્લીમેન્ટરી વિજ બિલ ભરવા માટે નોટીસ આપવામા આવેલ છે. જે બિલ તેઓને માન્ય નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..૨..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી નું મીટર તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ બદલવામાં આવેલ હતું. ઓડીટ ટીમ દ્વારા વર્ષ ૨૦૧૭–૨૦૧૮ ના અહેવાલમાં ઓડીટ ટીમ દ્વારા એનશ્ચર એ–૧ પારા નંબર–૧.૫ મા લેબ રીપોર્ટ ના આધારે એવરેજ યુનિટ ૬૯૦૩ ની ગણતરી કરી વપરાશ કરેલ ૧૦૧૯ યુનિટ બાદ કરીને તફાવત ના યુનિટનું બિલ ગણીને વસુલવાનુ જણાવવામાં આવેલ છે. જે ઓડીટ રીપોર્ટ મુજબ નોટીસ આપવામાં આવેલ હતી. નોટીસ, લેબ રીપોર્ટ અને ઓડીટ રીપોર્ટ ની નકલ આ સાથે સામેલ છે.

૨.૨ તા.૨૩/૦૮/૨૦૧૮ ના લેબ રીપોર્ટ માં તપાસણી અહેવાલ મુજબ મીટર ના ટર્મીનલ બ્લોક માં આર.વાય.ના કોન્ટેકટ બળી ગયેલ નું બતાવેલ છે, તેમજ મીટરમાં રીડીગ વાંચી શકતા નથી.

૨.૩ સપ્લાય કોડ ની શરત ૬.૫૮ મુજબ વાદી ને મીટરના બ્લોક બળી જવાને કારણે માર્ચ–એપ્રીલ–૨૦૧૮ થી જુલાઈ–૨૦૧૮ ના ત્રણ બિલ ની સરેરાશ ૬૯૦૩ ગણીને ઓગષ્ટ–૨૦૧૮ માં આવેલ યુનિટ ૧૦૧૯ બાદ કરતા તફાવત ના યુનિટ ૫૮૮૪ ગણીને કુલ રૂા.૪૬૦૬૨.૩૦ ની વસુલાત કરવા માટે જણાવેલ હતું. જેના આધારે સપ્લીમેન્ટરી બિલ ની રકમ ગ્રાહક ના ખાતામાં ઉધારવામાં આવેલ છે. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર લલીતાબેન જગદીશભાઈ પટેલ ની માલીકીની જગ્યા ના ભાડુત શ્રી રાજેશભાઈ હસનભાઈ ચામડીયા એ તેઓના એલટીએમડી વીજજોડાણ ૩૫ કિ.વો. ગ્રાહક નં.૨૫૧૩૫/૦૦૯૬૭/૧ માં આપેલ એવરેજ બિલ સામે ફોરમને રજૂઆત કરેલ.

૩.૨ રજૂઆત કરનાર શ્રી રાજેશભાઈ હસનભાઈ ચામડીયા વાદી અરજદાર લલીતાબેન જગદીશભાઈ પટેલ ના નામનું એલટીએમડી વિજ જોડાણ જગ્યા ભાડે રાખી વિજ વપરાશ કરે છે.

૩.૩ વાદીનાં વીજ સ્થાપનનું ૩ ફેઈઝ મીટર બળી જવાથી તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ પ્રતિવાદી એ બદલાવેલ, જેનું લેબ પરીક્ષણ નો રીપોર્ટ ૧૫૨૧ નંબરથી પ્રતિવાદી એ રજૂ કરેલ લેબ પરીક્ષણ ના રીપોર્ટ મુજબ મીટરનો ટર્મીનલ બ્લોક આર.વાય. ફેઈઝ કોન્ટેકટ બળેલ હતા તેમજ મીટર ના રીડીગ અવાચ્ય હતા.

૩.૪ પ્રતિવાદીએ વાદીને તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ મીટર બદલાવ્યા તે પહેલાની વપરાશ પરથી ૫૮૮૪ યુનિટ નું વપરાશનુ એવરેજ બિલ આપેલ છે.

૩.૫ પ્રતિવાદી એ વાદીને ૫૮૮૪ યુનિટ ની વપરાશનું આપેલ એવરેજ બિલમાં ૪ માસની વપરાશ મુજબ આપેલ બિલ ખોટી એવરેજ મુજબ ની ગણતરી કરી બિલ આપેલ છે.

૩.૬ પ્રતિવાદીએ રજૂ કરેલ રેકર્ડ મુજબ વાદીની વપરાશ તેમજ જી.જી.આર.સી સપ્લાઈ કોડ ના કલોઝ નં–૬.૫૮ મુજબ એવરેજ યુનિટ ની ગણતરી નીચે મુજબ થાય છે.

| ક્રમ નંબર | માસ | વપરાશ યુનિટ | એવરેજ યુનિટ |
|---|---|---|---|
| ૧ | માર્ચ–એપ્રિલ–૨૦૧૮ (દ્વી માસિક) | ૯૨૬૧ | ૫૧૭૭ |
| ૨ | જુન– ૨૦૧૮ | ૫૩૪૭ | |
| ૩ | જુલાઈ– ૨૦૧૮ | ૬૧૦૧ | |

આમ, વાદીના ૪ માસની કુલ વપરાશ ૯૨૬૧+૫૩૪૭+૬૧૦૧ = ૨૦૭૦૯ યુનિટ થાય છે. જેની માસિક એવરેજ વપરાશ ૫૧૭૭ યુનિટ થાય છે. આ એવરેજ વપરાશમાંથી જે તે માસમાં નવા મીટરમાં રેકર્ડ યુનિટ ૧૦૧૯ બાદ કરતાં, ૪૧૫૮ યુનિટ ની રકમનું બિલ વાદીએ ભરવાપાત્ર થાય છે.

૩.૭ તારણ નં.૩.૫ નં.૩.૬ મુજબ પ્રતિવાદીએ આપેલ ૫૮૮૪ યુનિટ નું બિલ રદ કરવું અને વાદીને ૪૧૫૮ યુનિટ નુ એવરેજ બિલ આપવું. જે વાદીએ ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૧૮.૦૩.૨૦૨૦.